For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

'ગણપતિ બાપ્પા મોરિયા, પુઢચ્યા વર્ષી લવકરિયા'ના સાથે શહેરના ચારેય ઝોનમાં શ્રીજીની વિદાય

# પાંચમા દિવસે શહેરમાં 4 હજાર પ્રતિમાનું વિસર્જન

**વિસર્જન સ્થળે પોલીસ, ટ્રાફિક પોલીસ, ફાયર બ્રિગેડ, 108 ઇમરજન્સી સેવા સહિત તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાઇ**

(પ્રતિનિધિ) વડોદરા તા.31

સંસ્કારી નગરી વડોદરા શહેરમાં રવિવારે પાંચમા દિવસે ભક્તો દ્વારા બિરાજમાન શ્રીજીનું વિવિધ કૃત્રિમ તળાવો ખાતે ભાવભર્યું વિસર્જન કરવામાં આવ્યું હતું. બપોર થી વિસર્જન શરું થતાં પોલીસ, ટ્રાફિક પોલીસ, ફાયરબ્રિગેડ, ઈમરજન્સી 108એમ્બ્યુલન્સ, પાલિકા તંત્ર દ્વારા ભક્તોને શ્રીજીના વિસર્જન માટે કોઇ અસુવિધાઓ ન સર્જાય તે માટે તમામ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.શહેરના ચારેય ઝોનમાં કૃત્રિમ તળાવમાં સાંજે સાત વાગ્યા સુધીમાં ચાર હજાર જેટલી પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

સંસ્કારી નગરી વડોદરા શહેરમાં ગત તા. 27 ઓગસ્ટ ને ગણેશ ચતુર્થી સાથે શ્રીજીની સ્થાપના કરવામાં આવી હતી જેમાં મોટા ગણેશ મંડળો દ્વારા ગણેશ પંડાલોમાં તથા ભક્તો દ્વારા પોતાના ઘરે શ્રીજીની સ્થાપના દોઢ દિવસ, ત્રણ દિવસ, પાંચ,સાત અને નવ દિવસ માટે કરવામાં આવી હતી જેમાં રવિવારે શહેરમાં કેટલાક ભક્તો દ્વારા પાંચમા દિવસે શ્રીજીને ભાવભીની ભક્તિસભર વાતાવરણમાં વિદાય સાથે વિસર્જન કરવામાં આવ્યું હતું. રવિવારે શહેરમાં ઘણા સ્થળોએ ભગવાન શ્રી સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું સાથે જ શ્રીજીની આરતી,ભોગ બાદ વિવિધ વિસ્તારોમાં પાલિકા તંત્ર દ્વારા નિયત કરાયેલ કૃત્રિમ તળાવો સહિત જળાશયોમાં શ્રીજીનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

રવિવારે બપોરે શહેરના નવલખી કૃત્રિમ તળાવ ખાતે શ્રધ્ધાળુઓ ઢોલનગારા સાથે શ્રીજીની પ્રતિમાઓ સાથે પહોંચ્યા હતા જ્યાં ભક્તો દ્વારા તળાવ કિનારે બાપ્પાની આરતી દર્શન બાદ ભાવસભર વિદાય આપી હતી. શહેરમાં પાંચમા દિવસે શાંતિમય વાતાવરણમાં શ્રીજીનું વિસર્જન સંપન્ન થાય તે માટે વડોદરા



શહેર પોલીસ દ્વારા સમગ્ર રૂટ તથા સંવેદનશીલ વિસ્તારોમાં ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો જ્યારે બીજી તરફ શ્રધ્ધાળુઓને શ્રીજીની વિસર્જન યાત્રાના રૂટમા કોઈ પણ પ્રકારની ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે ટ્રાફિક પોલીસ દ્વારા પણ તમામ પ્રકારની ટ્રાફિકની વ્યવસ્થા કરવામાં આવી હતી જ્યારે કૃત્રિમ તળાવ ખાતે ફાયરબ્રિગેડ ની ગાડી સહિત ફાયરબ્રિગેડના જવાનો, ઈમરજન્સી 108 એમ્બ્યુલન્સ ને સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યા હતા. કૃત્રિમ તળાવ ખાતે મોડી રાત સુધી વિસર્જન થનાર હોય તળાવ ફરતે પાલિકા તંત્ર દ્વારા લાઈટ, તરાપા, લાઈફ જેકેટ તરવૈયાઓની ટીમ, રબર ટ્યૂબ સહિતની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી તદ્ઉપરાંત તળાવ નજીક નિર્માલ્ય માટે અલાયદી વ્યવસ્થા, શ્રીજીની પ્રતિમાઓની નોંધણી સહિતની વ્યવસ્થા કરવામાં આવી હતી.

શહેરમાં પાંચ દિવસ સુધી આતિથ્ય માણ્યા બાદ વિઘ્નહર્તા ગણપતિએ ભક્તોની વિદાય લીધી હતી. પાલિકા તંત્ર દ્વારા શહેરના ચારેય ઝોનમાં કૃત્રિમ તળાવો ખાતે પ્રતિમાઓના વિસર્જનની સુવિધાઓ ઉભી કરવામાં આવી હતી જેમાં સાંજે સાત વાગ્યા સુધીમાં ઉત્તર ઝોનમાં આવેલા નવલખી કૃત્રિમ તળાવમાં 500, હરણી ખાતે 435, પશ્ચિમ ઝોનમાં દશામાં તળાવ ખાતે 516, ભાયલી તળાવ 415,બીલ 228 દક્ષિણ ઝોનમાં એસ.એસ.વી.પી., માંજલપુર, તરસાલી તથા મકરપુરા તેમજ પૂર્વ ઝોનમાં સરદાર એસ્ટેટ લેપ્રસી મેદાન, કિશનવાડી તથા ખોડિયાર નગર એમ ચારેય ઝોનમાં ચાર હજાર જેટલી શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન શાંતિપૂર્ણ રીતે કરવામાં આવ્યું હતું.

GSFC દ્વારા પાણી છોડવામાં આવ્યું હોવાના આક્ષેપ

# બાજવા જળબંબાકાર : મકાનોમાં પાણી પ્રવેશતા આખી રાત ઉજાગરા

**ઘાસચારો સહિતની ઘરવખરી પલળી જતા લોકોને વ્યાપક નુકસાન**







(પ્રતિનિધિ) વડોદરા,તા.31

વડોદરામાં મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. ત્યારે શહેરના બાજવા ગામ ખાતે પણ વરસાદી પાણી ભરાઈ ગયા હતા. જોકે વરસાદ બંધ થયા બાદ સતત બીજા દિવસે પણ પાણી ઓસર્યા નથી. લોકોના ઘરોમાં પાણી પ્રવેશી ગયા છે. જેના કારણે લોકોને નુકસાની થવા પામી છે. આખી રાત શંકર સોસાયટી,આંબેડકર નગર સહિતના આસપાસના વિસ્તારમાં લોકો રાત્રી ઉજાગરા કરવા મજબુર બન્યા હતા.

વરસાદ બંધ થયા બાદ પણ બાજવા ગામમાં પાણી ઓસર્યા નથી. લોકોના ઘરોમાં, મંદિરોમાં તેમજ પ્રાથમિક શાળામાં પણ વરસાદી પાણી ભરાઈ ગયા હતા. ત્યારે, વિસ્તારના લોકોએ આક્ષેપ કર્યા હતા કે વરસાદ બંધ થયો છતાં પાણી આવી રહ્યું છે. GSFC સહિતની આસપાસની કંપનીઓ દ્વારા પાણી છોડવામાં આવતા આજે આ પરિસ્થિતિ સર્જાઈ છે. દરવર્ષે ચોમાસામાં આ સમસ્યા સર્જાય છે. પણ કોઈ યોગ્ય પગલાં લેવામાં આવતા નથી. જેના કારણે ઘણી મુશ્કેલીઓ વેઠવી પડી રહી છે. આખી રાત લોકોએ પાણીનું લેવલ વધી જવાના ભય હેઠળ રાત્રી ઉજાગરા કરવા મજબુર બન્યા હતા. જ્યારે નોકરી પર જતાં લોકોને પણ ઘણી મુશ્કેલી પડી હતી. કેટલાક લોકોના વાહનો પણ ખોટકાયા હતા. જેથી તંત્ર સામે બળાપો કાઢ્યો હતો.

શંકર સોસાયટી ખાતે રહેતા સ્થાનિક રહીશે જણાવ્યું હતું કે, વરસાદ બંધ થયા બાદ પાણી ઓસરી ગયું, પણ એના થોડા સમય બાદ ફરી પાણી ચડવા માંડ્યું હતું. તો આ પાણી આવ્યું ક્યાંથી ? એનો મતલબ કે આ પાણી જીએસએફસી કંપની દ્વારા છોડ્યું હોય તો જ પાણી આવે. એના સિવાય બીજું ક્યાંથી પાણી આવવાનું. આ તો દર વર્ષની સમસ્યા છે. મને 50 વર્ષ થયા અહીંયા ઘૂંટણ સુધી કમર સુધી પાણી આવી જાય છે. એટલે આનો કાયમી ધોરણે કોઈ નિરાકરણ આવે એવી અમારી માંગણી છે. બીજા એક સ્થાનિક રહીશે જણાવ્યું હતું કે, અમારે દર વખતે આવી સમસ્યા રહે છે. ફર્ટિલાઇઝર સહિત આસપાસની કંપનીઓ આવેલી છે. એના લીધે પાણીનો નિકાલ થતો નથી. ઘણીવાર રજૂઆત કરી છે, પણ કોઈ જાગતું નથી. બધા બેદરકાર છે, કોઈને કંઈ પડી નથી. ચારે બાજુ બસ પાણી પાણી જ દેખાઈ રહ્યું છે. એટલો બધો વરસાદ નથી છતાં પણ આટલું બધું પાણી આવે છે. અત્યારે ઘરમાં એટલી મુશ્કેલી પડી રહી છે. ઘરનો સામાન બધો ખરાબ થઈ ગયો છે. કોઈ જોવા પણ નથી આવતું. આ પાણી કંપનીઓ દ્વારા જ આવે છે અને તેના દ્વારા કોઈ સુવિધા આપવામાં આવતી નથી. બીજા એક સ્થાનિલ મહિલાએ જણાવ્યું હતું કે કોઈ જોવા નથી આવતું, ધ્યાન રાખતું નથી. કોઈ પૂછતું પણ નથી. અમારા ઢોરોને પણ શું ખવડાવીએ, ઘાસના પુડા પણ પલડી ગયા છે કંપની પણ અમારી સામે કાંઈ જોતી નથી. દર વર્ષે આની આજ સમસ્યા રહે છે.

## બાજવામાં માનવસર્જિત પૂર બાદ ગ્રામપંચાયત આવી લોકોની મદદે, અસરગ્રસ્તોને ફૂડ પેકેટ પહોંચાડાયા

બાજવા ગામમાં સર્જાયેલી પૂરની પરિસ્થિતિમા નીચાવાળા વિસ્તારમાં ગ્રામ પંચાયત દ્વારા ફૂડ પેકેટ ની વ્યવસ્થા સાથે પાણીના નિકાલની વ્યસ્થા કરાઈ હતી. વરસાદ ખાબકયા બાદ બાજવામાં નીચાણવાળા વિસ્તારોમાં સતત બીજા દિવસે પણ પાણી ભરાયા હતા. GSFC કંપની દ્વારા છોડવામાં આવેલા પાણી નીચાણ વાળા વિસ્તારમા ભરાયા હતા. જેને લઈ લોકો મુશ્કેલીમાં મૂકાયા છે. ત્યારે,બાજવા ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા નીચાણવાળા વિસ્તારોમાં ગોકુળ નગર, પાર્વતી નગર, ડબ્બા વાળા અને ટેકરા વિસ્તાર, શંકર સોસાયટી સહિતના અસરગ્રસ્ત વિસ્તારોમાં ફૂડપેકેટ પહોંચાડવામાં આવ્યા હતા સાથે રિફાઈનરીના જીએમ સાથે વાત કરીને કાંસની સફાઈ અને ઉંડેરા તળાવમાં પંપ મૂકી પાણીના નિકાલની વ્યસ્થા પણ કરવામાં આવી હતી.



SPએ ચાર્જ સાંભળતા જ આકરા પગલા ભર્યા

# પકડાયેલો દારૂ બુટલેગરને પધરાવનાર જરોદના પાંચ પોલીસવાળા સસ્પેન્ડ

**બુટલેગરને દારુની પેટીઓ પધરાવતા વિડીયો મામલે કાર્યવાહિ**

**જરોદ પોલીસ મથક સહિત જીલ્લા પોલીસ બેડામા હલચલ**

(પ્રતિનિધિ) વડોદરા તા.31

જરોદ પોલીસે વિદેશી દારુ ભરેલા કન્ટેનરમાંથી વિદેશીદારુ ઝડપી પાડ્યા બાદ માનીતા બુટલેગરને દારુની પેટીઓ પધરાવતા હોવાનો વિડીયો વાયરલ થયાની તપાસ બાદ વડોદરા SPએ ચાર્જ લીધાના નવમા દિવસે જ કડક પગલા ભરી પાંચેય પોલીસ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરતા પોલીસ બેડામા ચકચાર મચી ગઈ છે. વડોદરા-હાલોલ એક્સપ્રેસ હાઈવે પર આસોજની સીમમાંથી ગત ચાર ઓગષ્ટે પોણાપાંચ વાગે રૂા.૩૯.૬૫ લાખનો દારૂ પકડાયો હતો. જે પૈકી દારૂની કેટલીક પેટીઓની જરોદ પોલીસના ડી-સ્ટાફે બૂટલેગરોને વેચવાનો વિવાદ વકર્યો હતો. જેનો વિડીયો વાયરલ થયો હતો.જે અંતર્ગત SPના ડી-સ્ટાફના ત્રણ હે.કો. અને બે પો.કો.ને સસ્પેન્ડ અને પીઆઈને લીવ રિઝર્વ અને GRDની હકાલપટ્ટીના આદેશથી પોલીસ બેડામાં હડકંપ મચી ગયો છે. પોલીસે વડોદરા-હાલોલ એક્સપ્રેસ હાઈવે પર આસોજની સીમમાંથી કન્ટેનરમાંથી રૂા.૩૯.૬૫ લાખનો દારૂ સાથે ઝડપી લીધો હતો. જે બાદ કન્ટેનરને ચોક્કસ જગ્યાએ લઈ જવાયું અને મંજુસર-વાઘોડિયાના ત્રણ બૂટલેગરોને સ્થળ પર બોલાવાયા હતાં. પોલીસના કેટલાક માણસોએ માનીતા બૂટલેગરોને દારૂની કેટલીક પેટીઓ પધરાવી હતી. જેનો એક વીડિયો વાઈરલ થતા મામલો ગાંધીનગર સુધી પહોંચ્યો હતો. રેલો આવતા અગાઉના SP રોહન આનંદે તપાસ બરોડા ડિવિઝનના DySPને સોંપી હતી.DySPએ દ્વારા પીઆઈ, પાંચેય કોન્સ્ટેબલો, જે તે સમયના પીએસઓ અને ક્રાઈમ રાઈટર હેડની પૂછપરછ કરી હતી. દરમિયાન SP રોહન આનંદની બદલી થઈ અને નવા SP તરીકે સુશિલ અગ્રવાલે ચાર્જ સંભાળ્યો હતો.

SPએ ચાર્જ લીધાના નવમાં દિવસે દારૂ પ્રકરણમાં આકરા પગલા લીધાં છે. જે અંતર્ગત પીઆઈ એમ.આર. ચૌધરીને લીવ રિઝર્વમાં મુકાયા છે. આ ઉપરાંત ડી-સ્ટાફના હેડ કોન્સ્ટેબલ ભગીરથસિંહ હાથીસિંહ, મહેશભાઈ અરવિંદભાઈ, વિપુલકુમાર શિવશંકર તથા પોલીસ કોન્સ્ટેબલ મેઘરાજભાઈ રણછોડભાઈ અને કુલદીપસિંહ જનકદાનને સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત તાહીર સત્તારભાઈ ઘાંચીનું જીઆરડી તરીકેનું નામ કમી કરવામાં આવ્યું છે. ઉલ્લેખનિય છે કે, નવા એસપી દ્વારા કરાયેલી કાર્યવાહીને પગલે જિલ્લા પોલીસ બેડામાં ફફડાટ ફેલાઈ ગયો છે.

## માનીતા આઇપીએસ અધિકારીની છત્રછાયા હટી જતા પીઆઇની ફરી બદલી આવી..!

તાજેતરમાં વડોદરા જિલ્લાના એક પોલીસ સ્ટેશનના પીઆઇએ મળેલી બાતમી મુજબ સ્ટાફના માણસોએ સ્થળ પર રેડ કરીને દારૂ ભરેલું કન્ટેનર ઝડપી પાડ્યું હતું. પરંતુ કન્ટેનરમાંથી પોલીસ કર્મચારીઓ દારૂની પેટી ત્રણ જેટલી પ્રાઇવેટ કાર ભરીને આપીને તેનો વહીવટ કરી નાખ્યો હતો. જેનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાઇરલ થયો હતો. તેમ છતાં કૌભાંડ પીઆઇની છત્રછાયા હેઠળ થયુ હોવા છતાં પીઆઇને બચાવવા માટે એક એસપી કક્ષાના અધિકારીએ બચાવવા માટે એડી ચોટીનું જોર લગાવ્યું હતું. દરમિયાન ગુજરાતના તમામ આઇપીએસ અધિકારીની બદલી આવી હતી. જેમાં આ એસપીની બદલી અન્ય જગ્યા પર થઇ જતા અન્ય એસપીએ ચાર્જ સંભાળ્યો હતો. ત્યારે આ વિવાદિત ડાયરેક્ટ પોલીસ ઇન્સ્પેક્ટરને કોઇ બચાવી શક્યું ન હતું. નવા એસપીએ તેમની બદલીને કરી લીવ રિઝર્વમાં મુકી દીધા હતા.

નર્મદા નદીમાં 1,45,000 ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે

# સરદાર સરોવર નર્મદા ડેમમાં પાણીની આવકમાં ઘટાડો થતા 15 પૈકી 5 દરવાજા બંધ કરાયા



**નર્મદા ડેમની સપાટી**

| | |
|---|---|
| મહત્તમ સપાટી | 138.68 મીટર |
| હાલની સપાટી | 135.87 મીટર |
| ગ્રોસ સ્ટોરેજ | 8580.70 MCM |
| પાણીનો સંગ્રહ | 90.71 % |
| પાણીની આવક | 228827.00 ક્યુસેક |
| નદીમાં પાણીની જાવક | 145353 ક્યુસેક |
| કેનાલમાં પાણીની જાવક | 23065.00 ક્યુસેક |

(પ્રતિનિધિ) વડોદરા તા.31

સરદાર સરોવર નર્મદા ડેમમાં પાણીની આવકમાં ઘટાડો થતા 15 પૈકી 5 દરવાજા બંધ કરાયા છે.

હાલ 10 દરવાજા 1.40 મીટર ખોલી 1,00,000 ક્યુસેક અને પાવરહાઉસ મારફતે 45,000 મળી નદીમાં 1,45,000 ક્યુસેક પાણી છોડાઈ રહ્યું છે.

# પાલિકા દ્વારા યોજાયેલી સાયકલોથોનમાં મેયર ગેરહાજર રહેતા ચર્ચાનો વિષય બન્યો



(પ્રતિનિધિ) વડોદરા તા.31

નેશનલ સ્પોર્ટ્સ ડે ની ઉજવણીના ભાગરૂપે શહેરમાં રવિવારે વડોદરા મહાનગરપાલિકા દ્વારા સન્ડે ઓન સાયકલ અંતર્ગત ફિટ ઈન્ડિયા મુવમેન્ટના ભાગરૂપે સાયક્લોથોનનુ આયોજન સયાજીબાગ ખાતેથી કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ, સ્થાઇ સમિતિના ચેરમેન ડો.શીતલ મિસ્ત્રી સહિત કાઉન્સિલરો ઉપસ્થિત રહ્યાં હતાં.વડોદરાના મેયર પિન્કીબેન સોની ગેરહાજર રહેતાં ચર્ચાનો વિષય બન્યો હતો.

શહેરમાં નેશનલ સ્પોર્ટ્સ ડે ની ઉજવણી કરવામાં આવી રહી છે.ત્યારે,પાલિકા દ્વારા નેશનલ સ્પોર્ટ્સ ડે નિમિતે સન્ડે ઓન સાયકલ અંતર્ગત ફિટ ઈન્ડિયા મુવમેન્ટના ભાગ રૂપે સાયકલ રેલી યોજવામાં આવી હતી.જે સાયકલ રેલીને મ્યુનિસિપલ કમિશનર અરૂણ મહેશ બાબુ,સ્થાઈ સમિતિના ચેરમેન ડો. શીતલ મિસ્ત્રી,કમિટીના ચેરમેન દ્વારા લીલી ઝંડી બતાવી સાયક્લોથોન રેલીને પ્રસ્થાન કરાવી હતી.આ રેલી સયાજી બાગ થી પ્રસ્થાન થઈ એસ.એસ.જી. હોસ્પિટલ,જેલ રોડ,કોઠી ચાર રસ્તા, કાલા ઘોડા થઈ સયાજી બાગ ખાતે સમાપ્ત થઈ હતી.જ્યારે આ રેલીમા સાંસદ, ધારાસભ્યો, મેયર સહિત અન્ય હોદેદારો ગેરહાજર રહ્યા હતા જે અંદરોઅંદર ચર્ચાનો વિષય બન્યો હતો.

# શ્રીજીની આગમન યાત્રા પર ઈંડા ફેકનાર માફિયાગેંગ ગ્રુપના એડમીન સહિતની ત્રિપુટી અજમેરથી ઝડપાઈ

**લોકેશનના આધારે ત્રણે આરોપીને પોલીસ અજમેરથી ઝડપી લાવી**



(પ્રતિનિધિ) વડોદરા તા.31

વડોદરા શહેરના સીટી પોલીસ સ્ટેશનથી ગણતરીના અંતરે આવેલા મદાર માર્કેટ ઉપરથી શ્રીજીની આગમન યાત્રા પર ઈંડા ફેંકીને શહેરમાં સ્થપાયેલી શાંતિ ડહોળવાનું કૃત્ય આચરનાર માફિયા ગેંગના 6 આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. દરમિયાન આ માફિયા ગેંગ એડમીન જુનેદ સિંધી સહિત ત્રિપુટીની પણ સંડોવણી બહાર આવી હોય તેમનું લોકેશન મેળવતા રાજસ્થાનના અજમેરનું જાણવા મળ્યું હતું. જેથી વડોદરા પોલીસે અજમેર પોલીસનો સંપર્ક કરીને આરોપીઓની વિગત આપતા અજમેર પોલીસે રેલવે સ્ટેશન પાસેથી આ ત્રિપુટીને ઝડપી પાડી છે. વડોદરા પોલીસ ત્રણ આરોપીઓને લેવા માટે અજમેર ખાતે રવાના થઈ ગઈ છે. વડોદરા લાવ્યા બાદ ત્રણ આરોપીની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરાશે.

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમા આવેલા નિર્મલ પાર્ક યુવક મંડળ દ્વારા ગણેશ ચતુર્થી પૂર્વે કિશનવાડીમાંથી શ્રીજીની પ્રતિમાની આગમન યાત્રા સોમવારે મોડી રાતે લઈ જવામાં આવતી હતી. જુનુ પાણીગેટ પોલીસ સ્ટેશન પસાર કર્યા બાદ સિટી પોલીસ સ્ટેશનથી ગણતરીના અંતરે આવેલા મદાર માર્કેટની છત પરથી આ શ્રીજી ની આગમન યાત્રા પર અસામાજિક તત્વો દ્વારા ઈંડા ફેંકવામાં આવ્યા હતા. આ ઘટનાના પગલે પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને શહેરનું વાતાવરણ ના ડહોળાય તેના માટે તાત્કાલિક કોમ્બિંગ શરૂ કરી સૂફીયાન અને શાહનવાઝની ધરપકડ કરવામાં આવી હતી. બંને આરોપીના રિમાન્ડ મેળવી પોલીસે પૂછપરછ કરતા જુનેદ અને જાવેદ મલેક ના નામ ખુલ્યા હતા જેથી પોલીસે તે બંને ભાઈની પણ ધરપકડ કરી લીધી હતી. ત્યારે આ બંને આરોપીની પૂછપરછ દરમિયાન માફિયા ગેંગનું ગ્રુપ બનાવનાર એડમીન જુનેદ સિંધી સહિત ચાર લોકોની સંડોવણી હોવાનુ બહાર આવ્યુ હતુ. દરમિયાન ગઈકાલે પોલીસે સલમાન મન્સૂરીને દબોચી લીધો હતો. જ્યારે જુનેદ સિંધી, સમીર અને અનસની શોધખોળ શરૂ કરી હતી. ત્યારે આ ત્રિપુટીનું લોકેશન રાજસ્થાનના અજમેર ખાતેનું મળ્યુ હતું. જેથી વડોદરા પોલીસે અજમેર પોલીસનો સંપર્ક કરી ત્રણેયની વિગતો આપતા અજમેર પોલીસ એક્શનમાં આવી હતી અને આ ત્રણ આરોપીઓને ઝડપી પાડવા માટે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. દરમિયાન જુનેદ સિંધી, સમીર અને અનસ સહિતની ત્રિપુટીને પોલીસે અજમેર રેલવે સ્ટેશન પાસેથી દબોચી લીધી હતી. જેથી માફિયા ગેંગ ગ્રુપના એડમીન સહિતના ત્રણ આરોપીઓને લેવા માટે વડોદરા પોલીસ અજમેર ખાતે જવા રવાના થઈ ગઈ છે. ત્રિપુટીને વડોદરા લાવ્યા બાદ તેમની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરાશે.

કર્મચારી રેલવેમાં મિકેનિકલ વિભાગમાં પોઇન્ટ મેન તરીકે ફરજ બજાવે છે

# રેલવેના કર્મચારી તથા RPF જવાનના પુત્રે સંતાડી રાખેલો રૂ.38.09 લાખનો દારૂ ઝડપાયો

**રાજ્ય બહારથી દારૂનો જથ્થા મંગાવી રેલવેના સ્ટોર રૂમમાં રાખ્યો હોય એલસીબીએ પકડ્યો, બંને વોન્ટેડ**



(પ્રતિનિધિ) વડોદરા તા.31

વડોદરા રેલવેમાં મિકેનિકલ વિભાગમાં પોઈન્ટ મેન તરીકે ફરજ બજાવતા તથા આરપીએફમાં ફરજ કર્મચારીના પુત્ર દ્વારા રેલવેના સ્ટોર રૂમમાં સંતાડી રાખેલો રૂ. 38.09 લાખનો દારૂ એલસીબી પોલીસે ઝડપી પાડ્યો હતો. જ્યારે બંને આરોપીને ઘરે તપાસ કરતા નહી મળી આવતા તેમને વોન્ટેડ જાહેર કર્યા છે.

વડોદરા શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં ફરી રહી હતી અને રેલવે મેમુ કાર શેડ વિસ્તારમાં આવેલા રેલવે સ્ટોરરૂમમાં તપાસ કરી હતી ત્યારે સ્ટોરમમાંથી ભંગારના સામાન સાથે સંતાડી રાખેલો રૂ.38.09 લાખનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. રેલવે દ્વારા કોન્ટ્રાક્ટરને સામાન મુકવા માટે સ્ટોર આપવામા આવ્યો હતો. પરંતુ કોન્ટ્રાક્ટરની જાણ બહાર આ સ્ટોર રૂમમાં ગેરકાયદે દારૂનો જથ્થો મુકવામાં આવ્યો હતો. જેથી પોલીસે દારૂનો જથ્થો કબજે કરીને કોણે આ દારૂ મુક્યો હતો તેની તપાસ કરી હતી. ત્યારે આ દારૂનો જથ્થો રેલવે કોલોનીમા રહેતા અને રેલવેના મિકેલનીક વિભાગમાં પોઈન્ટ મેનનું કામ કરતા કાયમી કર્મચારી રૂબિન શેખ ઉર્ફે કટ્ટે તથા કપિલસિંગ દ્વારા દારૂનો જથ્થો મુકવામાં આવ્યો હતો. જેથી પોલીસ દ્વારા દારૂ મુકનાર રુબિન શેખ તથા કપિલસિંગના ઘરે તપાસ કરવા માટે ગયા હતા. ત્યારે બંને હાજર ન હોય તેમને વોન્ટેડ જાહેર કર્યા છે. કપિલસિંગના પિતા આરપીએફ વિભાગમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હોવાનું જાણવા મળી રહ્યું છે.

# વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદની હાથતાળી : તાપમાનમાં 2 ડિગ્રીનો વધારો

(પ્રતિનિધિ) વડોદરા તા.31

બંગાળની ખાડીમાં એક પછી એક નવી વરસાદી સિસ્ટમ સર્જાતા રાજ્યમાં આગામી તા 06 સપ્ટેમ્બર સુધી મધ્યમ થી ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે ત્યારે રવિવારે શહેરમાં દિવસભર વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું સાથે જ મહત્તમ તાપમાનમાં 2 ડિગ્રી સેલ્સિયસ નો વધારો જોવા મળ્યો હતો જેના કારણે શહેરમાં રવિવારે મહત્તમ તાપમાન 30.2 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું સાથે જ હવામાં ભેજનું પ્રમાણ 75% જેટલું રહેવા પામ્યું હતું.

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે જેનું કારણ બંગાળની ખાડીની મધ્યથી બિકાનેર,અજમેર,દાનોહ, રાયપુર સુધી મોન્સુન ટ્રફ પસાર થઈ રહ્યું છે જેના કારણે મધ્યપ્રદેશ અને આસપાસના વિસ્તારોમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય બની છે. બીજી તરફ બંગાળની ખાડીમાં નવું લો પ્રેશર સર્જાયું છે. મિડલ ટ્રોયોશ્ફોરિક સાયક્લોનિક સર્ક્યુલેશન કોંકણના દરિયા કાંઠાના ઉત્તર અને તેની આસપાસ લેસમાર્ક થયું છે જેના કારણે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોમાં તા. 3 થી 6 સપ્ટેમ્બર દરમિયાન ભારેથી અતિભારે વરસાદ થવાની શક્યતા છે સાથે જ પવનની ગતિ પ્રતિ કલાકે 40 થી 45 કિલોમીટર ની ઝડપે રહેવાની સંભાવના છે. રાજ્યમાં આગામી તા.06 સપ્ટેમ્બર સુધી મધ્યમથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે ત્યારે વડોદરા શહેરમાં રવિવારે આખો દિવસ વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યું હતું સાથે જ મહત્તમ તાપમાનમાં 2 ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો જોવા મળ્યો હતો જેના કારણે શહેરમાં મહત્તમ તાપમાન 30.2 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું સાથે જ લઘુત્તમ તાપમાન 25.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું જ્યારે હવામાં ભેજનું પ્રમાણ 75% જેટલું રહેવા પામ્યું હતું.

તુ શારીરિક સંબંધ બાંધવા દે નહીતર તારા કપડા ફાડી વીડિયો બનાવી ગ્રૂપમાં મુકી દઇશ

# 19 વર્ષીય યુવતીને રસ્તામાં રોકી શારીરિક અડપલા કર્યાં બાદ મારી નાંખવાની ધમકી

**મયુર ભરવાડ તથા પ્રકાશ ભરવાડે 19 વર્ષીય યુવતીને રસ્તા રોકી શારીરિક અડપલા કર્યાં બાદ ધમકી આપી**

**યુવતીએ પરિવારને જાણ કરતા વરણામા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવ**

(પ્રતિનિધિ) વડોદરા તા.31

શકંરપુર ગામે રહેતા બે યુવકો દ્વારા એક્ટિવા પર એકલી જઈ રહેલી 19 વર્ષીય યુવતીને રસ્તામાં ઉભી રાખી હતી. ત્યારબાદ એક યુવક તેની એક્ટિવા પર બેસી ગયો હતો અને ખટંબા પાસે સુમસામ જગ્યા પર લઈ ગયો હતો અને યુવતી સાથે શારીરિક અપડલા કરીને તુ શારીરિક સંબંધ નહી બાંધવા દે તો તારા કપડા ફાડીને તેનો વીડિયો બનાવી સોસાયટીના ગ્રૂપમાં મુકી દઇ તેવી ધમકી આપી હતી. જેથી યુવતીએ બંને યુવકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

વડોદરા જિલ્લાના શંકરપુરા ગામે આવેલી ગોકુલેશ સોસાયટીમાં રહેતા મયુર ભરવાડ તથા પ્રકાશ ભરવાડે એક્ટિવા પર જઇ રહેલી યુવતીની એકલતાનો લાભ લઈને રસ્તામાં ઉભી રાખી હતી. ત્યારબાદ મયુર ભરવાડ યુવક તેની એક્ટિવા પાછળ બેસી ગયા હતા. ત્યારબાદ બંને તેણીને ખટંબા ગામની બાજુમાં આવેલી ટીપી રોડ પર લઇ ગયો હતો અને પ્રકાશ ભરવાડ પોતાની એક્ટિવા પર યુવતીની પાછળ આવ્યો હતો. ત્યારબાદ પ્રકાશ ભરવાડ તેની એક્ટિવા પર બેસી રહ્યો હતો અને જ્યારે મયુર ભરવાડ યુવતીને મરુજી વિરુદ્ધ શારિરીક અડપલા કરવા લાગ્યો હતો અને તુ મને શારીરિક સંબંધ બાંધવા દે નહીતર તારા કપડા કાઢી નાખીશ. ત્યારબાદ તેનો વીડિયો બનાવીને સોસાયટીના ગ્રૂપમાં મુકી દઈશ તેવી ગર્ભિત ધમકી આપી હતી. જેથી ગભરાયેલી યુવતી જેમ તેમ કરીને તેમના ચુંગાલમાં છુટીને ઘરે જતી રહી હતી અને ત્યારબાદ તેમના માતા પિતાને જાણ કરી હતી. જેથી પરિવારના સભ્યોએ વરણામા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મયુર તથા પ્રકાશ ભરવાડ નામના યુવકોને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.